

# ચોખા સાધુ બાબાની કથા 'સિદ્ધિ'

ધર્મ દર્શન
બાળકૃષ્ણ વડનેરે

ભગવાનની નિઃસીમ સેવા, ભક્તિ કરવાથી પ્રભુ ભકતો પર કૃપા કરે છે અને ઉત્તમ સિદ્ધિ આપે જ છે જેનો સાર્થ ઉપયોગ સમાજ માટે કરવાનો હોય અને એવા અનેક સત્પુરુષો સ્વામી, સંન્યાસીઓ, સાધુઓ અને સંતમહંતોના દર્શન થયા છે. જેમના દર્શનથી સમાજના દુઃખી માણસો પીડામુકત થયા છે. સુખી, વૈભવી, સમૃદ્ધ બન્યા છે. એ ભકતો હંમેશાં પૂજનીય છે.

> "સાંજે બાબા પાસે ભાઈબેનો બેસવા આવે અને સાધુબાવા ધાર્મિક કથાઓ સંભળાવે. પ્રસાદ તરીકે ચપટી ચોખા આપે એ જાણે સો દર્દોની એક દવા છે. લોકોના તાવ ઊતરી જાય, જખમ સુકાઈ જાય. બાળકો આનંદમાં રહે. ફકત ચોખા ચાવી જવાના અને ઉપરથી થોડું પાણી પી જવાનું"

પણ એવા સંત નામે અસત અને સમાજ ઘાતક કામ કરનારા લફડાબાજ ઢોંગી સાધુસંતોનો પણ પરિચય સમાજને થયો છે. જે સ્વાર્થી છે. લોકો પાસેથી પૈસા પડાવે છે. સ્ત્રીઓને જાળમાં ફસાવે છે અને પરમાત્માનું નામ કલંકિત કરે છે. દરેક જગ્યાએ એવા પાપી દુષ્ટ માણસો અધ્યાત્મિકતાનો બુરખો પહેરીને સમાજના લોકોની આંખમાં ધૂળ ઝોકે છે એટલે કાચા મનના માણસો આપણા ધર્મને, દેવોને, સંત-મહાત્માઓને ધુત્કારતા હોય છે.

મારે એક રામસેવક હનુમાનભકત ચોખા સાધુ બાબાની સાચી વાત કરવી છે. નાસિક નગરીમાં જયાં બાર વર્ષે કુંભમેળો ભરે છે અને સમગ્ર ભારતવાસી દરેક સમાજના લોકો ગોદાવરી નદી જે દક્ષિણગંગા નામે પ્રસિદ્ધ છે અને ઋષિ ગૌતમના તપોબળથી નાસિક ક્ષેત્રમાં વહે છે. નાસિકમાં સાધુસંતોની અવરજવર ચાલુ જ હોય. ગોદાવરીના તટ પર પંચવટીના તીરે એક લગભગ પચીસ ફૂટ ઊંચી શ્રી હનુમાનની ઊભી મૂર્તિ છે. જેને આગળ અને પાછળ એમ બે મુખ છે એટલે 'દૂ તોંડયા હનુમાન' એટલે બે મુખનો હનુમાન એમ નામ છે. ગોદાવરીના પૂરમાં નદીની આજુબાજુવાળી અનેક વસ્તુ વહી ગઈ છે પણ બે મુખનો હનુમાન બે શતકોથી ઊભો છે. તેમની પાસે જ અહિલ્યારામ વ્યાયામ શાળા નામની કસરત કરવા માટેની સંસ્થા છે અને હનુમાનજીના ભકતો અહીં આવે છે. ત્યાં એક છ ફૂટ ઊંચો ગોરા રંગનો લાંબા કાળા વાળ, દાઢીમૂછવાળો એક સાધુ આવીને બેસે છે અને બેમુખવાળા હનુમાનના સાંનિધ્યમાં રામનામનો જપ કરે. કોઈ પાસેથી પૈસા કે ભીખ ન માંગે. ફકત કોઈ ભાઈબહેન મુઠ્ઠી ભરીને ચોખા આપે તે લઈ લે અને એક વાર ચોખા પકાવીને ભાત જ ખાય એટલે એમને ચોખા બાબા નામથી ઓળખતા હતા. સાંજે બાબા પાસે ભાઈબેનો બેસવા આવે અને સાધુબાવા ધાર્મિક કથાઓ સંભળાવે. પ્રસાદ તરીકે ચપટી ચોખા આપે એ જાણે સો દર્દોની એક દવા છે. લોકોના તાવ ઊતરી જાય, જખમ સુકાઈ જાય. બાળકો આનંદમાં રહે. ફકતો ચોખા ચાવી જવાના અને ઉપરથી થોડું પાણી પી જવાનું. આવનારા બધા હસતા હસતા વિદાય લે. જય શ્રી રામ બોલીને.

એક સાંજે એક બેન ચાર પાંચ વર્ષના સુંદર રૂપવાન દીકરાને લઈ આવ્યાં તો ચોખા સાધુબાવા બોલ્યા, ''આવો બહેનજી! શું હાલ છે? કેમ છે દીકરાને? બરાબર એક વર્ષ પછી આવ્યાં તમે અને છોકરો મોટેથી બોલ્યો 'રામ' અને સાધુબાબા લલકાર્યા જય શ્રી રામ.

પેલા બેને કહ્યું, ''બાબો બોલે જ નહીં, રડે પણ નહીં. ડૉકટર, વૈદ કોઈની દવાની અસર થતી ન હતી. તો કોઈએ ચોખા સાધુ બાવાની, બે મુખવાળા હનુમાનની વાત કરી અને બેન બાબાને મળ્યાં.

પછી પેલા બેન જ પોતે બોલવા લાગ્યાં. ''વર્ષ પહેલાં હું અહીં આવી હતી. બાબાએ દીકરાને પાસે લીધો તો દીકરો ખુશ ખુશ થઈ ગયો. પછી મેં બાબાને કહ્યું, બાબા! એ રડતો નથી અને મોટો થયો તો પણ બોલતો નથી અને સાધુબાબા બોલ્યા, બસ કરો. હું સમજી ગયો બહેનજી! દીકરો રૂપવાન છે. સુંદર છે તે બોલશે, રડશે, ગાશે. ભજન બોલશે પણ એ બોલવા લાગે તો તમને શું કહીને બોલાવે? તમારી ઈચ્છા શું છે? અને બેન બોલ્યાં, મમ્મી કહીને બોલાવે અને સાધુબાબા જોરથી બોલ્યા. 'બસ! તમે સનાતની છો, હિન્દુ છો, તો શું 'બા' કહીને બોલાવે, માતાજી કહીને પોકારે, તો શું ખરાબ લાગે? આ મમ્મી શું? અને મને બાબાએ ચોખા આપ્યા અને કહ્યું રામનામ લો અને દીકરાને ચોખા ચાવવાનું કહીને થોડું આ ગોદાવરીનું પાણી પિવડાવો. જાવ. લોટો ભરીને પાણી ઘરે લઈ જાવ અને રોજ સવારે બાળકને ચોખા ખવડાઓ અને ઉપરથી આ ગૌતમી નદીનું પાણી પિવડાઓ અને એક વર્ષ પછી આવો. જયારે એ બોલશે અને રડશે ત્યારે અને બેન બોલ્યાં, બાબાજી! હવે સાંભળો. ગઈ કાલે શનિવારે રડ્યો અને રામરામ બોલતો થઈ ગયો. ગંગાનું પાણી પીધું અને આજે હું એને તમારી પાસે લઈ આવી છું. બાબાજી બોલ્યા તો હવે દીકરાને પૂછો તું કયા આવ્યો છે? અને બાબો બોલ્યો, ''બા! જય શ્રી રામ! બા, હું તો ચોખા બાબાના ઘરે આવ્યો ભજન ગાવા. તો સાંભળ અને દીકરો સૂરીલા અવાજમાં રઘુપતિ રાઘવ રાજારામ પતિત પાવન સીતારામ ગાઈને ધૂન બોલ્યો. બેન ચોખા બાબાને પગે લાગ્યાં અને પૈસા,નોટો અને ચોખાની થેલી મૂકી. બાબાએ ફકત ચોખાની થેલી લીધી એ હતી સિદ્ધિ.

---

# શિવ ચરિત્ર

પંચામૃત
નીલાક્ષી પરીખ

મિત્રો, આપણે જોયું કે પરમાત્મા અંદર અને બહાર બધે છે. ભીતર અંતર્યામીના રૂપમાં છે તો બહાર કાલ સ્વરૂપે છે. શિવ અને મહેશ્વર બંને રૂપ મહાદેવનાં છે. સકલ-મહેશ્વર અને નિષ્કલ શિવ. એક તો મૂર્તિ છે ભગવાન શંકરની ગૌરવર્ણ છે. 'કર્પૂર ગૌરં કરૂણાવતારં, સંસાર સારં ભુજગેન્દ્ર હારં, સદા વસન્તં હૃદયારવિંદે, ભવં ભવાની સહિતં નમામિ,'' 'યસ્યામ... શશિનિભઃ શ્રી શંકર પાહિમામ'' 'કુંદ ઈન્દુ સમ દેહ ઉમારમન... કરહૂ કૃપા મર્દનમયં'' સકલ અને નિષ્કલ બે રૂપમાં છે તેથી મહાદેવ છે. અન્ય દેવના બે રૂપ નથી. મહાદેવ અગ્નિસ્તંભના રૂપમાં પ્રગટ છે. કહ્યું તેના ઓર છોરનો પત્તો લગાવો. સૃજનની એક સીમા છે. પાલન-સંચાલનની પણ એક સીમા છે. અગ્નિસ્તંભના ઓર-છોરનો પત્તો લગાવવા એક ઉપર ગયો. બીજો નીચે ગયો પણ ન મેળવી શક્યો. એ અગ્નિસ્તંભ જ્યોતિર્લિંગના રૂપમાં પ્રતિષ્ઠિત થયો, પ્રસિદ્ધ થયો. આમ તો આપણે ત્યાં 12 જ્યોતિર્લિંગની વાત છે. શિવ પુરાણમાં આનું સુંદર વર્ણન છે. કથા સાંભળી શિવમય અને શિવરૂપ બનો એ ઉદ્દેશ્ય છે. આપણે સૌ હરતાં-ફરતાં જ્યોતિર્પુંજ જ છીએ, શિવસ્વરૂપ જ છીએ. શક્તિ-એનર્જી જ છે. એના સિવાય કંઈ જ નથી. આપણે આપણાં શિવ સ્વરૂપને ભૂલી ગયા છીએ. આપણે આપણાં કર્મમાં બંધાય ને જન્મ-જન્માંતરમાં ભટકીએ છીએ. શિવ ક્ષમાપન સ્તોત્ર છ  . કેદારનાથ, કાશ્મીર, માનસરોવર, કૈલાસ જાવ તો શિવમાલાનું ગાયન સાંભળીને શીખો. કૈલાસદર્શન રોમાંચિત કરે છે. સ્તોત્ર ગાન છે એને ભૂલીએ નહીં. વિદેશી હસ્તીઓ પણ સ્તોત્ર ગાન કરે છે. આવો, શિવ સંકીર્તન કરીએ.

> "તેથી જ કહીએ છીએ ન કે ''દાતા એક રામજી, ભિખારી સારી દુનિયા. રામ એક દેવતા પૂજારી સારી દુનિયા'' પણ સમસ્યા એ છે કે ભિખારીના રૂપમાં આપણે શું માંગવું જોઈએ એની જ આપણને ખબર નથી. સાચા ભિખારી બનતા પણ આપણને આવડતું નથી"

''ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, હર હર ભોલે, નમઃ શિવાય' આપણે શિવતત્ત્વનું ચિંતન કરતા સાત્ત્વિક તાત્ત્વિક ચર્ચા કરીશું. એક ખૂબ સુંદર માંગ મહાદેવ પાસે કરી શકાય. આપણે સૌ યાચના કરીએ. અદભુત વાત છે કે અડધા શ્લોકમાં સંપૂર્ણ પ્રાર્થના સમાહિત છે. ''શંકરાચ્છમાહમ યાચે, સદાચરણ તત્પરઃ'' શંકરજી પાસે હું કલ્યાણની યાચના કરું છું. આપણે સૌ ભિખારી છીએ. સૌરાષ્ટ્રમાં કહે કે- લોટે જવું ને ધારિયું લઈને ન જવાય, હાથમાં બંદૂક લઈને ન જવાય. માંગનારામાં દીનતા હોય. અરે! એક ભિખારી જે સંસાર સામે હાથ ફેલાવે એને પણ માંગતા શીખવું પડે. તો ગુરુ પાસે, દેવતા પાસે કેવી રીતે યાચના કરવી અને કેવા પ્રકારની યાચના કરવી એ આવડવું જોઈએ. દૈન્ય હોવું જોઈએ. ભિખારી દાદાગીરી કરીને ભીખ માંગી ન શકે. કાઢો, કાઢો કહેનારો લૂંટારો હોય શકે, ભિખારી નહીં. ''દાતા એક રામ ભિખારી સારી દુનિયા'' કહેવાનું કે- અમે તારા દ્વારના ભિક્ષુક છીએ. આમ તો ભગવાન ભોળાનાથ સૌથી મોટા ભિક્ષુક છે. એ વાત જુદી છે કે એમના ઘરમાં અન્નપૂર્ણા છે. નહીં તો પરિવારનું પૂરું કેમ થાત? સાહિત્યમાં આવે- 'સ્વયં પંચાનન, બાપ ચતુરાનન, બેટા ગજાનન ઔર 'સ્વયં પંચાનન, બાપ ચતુરાનન, બેટા ગજાનન ઔર ષડાનન. ઉપર સે રહાબૈલ ઈન સબકા પેટ ભરના ઐસે વેસે કા કામ હૈ કયા? જો એમના ઘરમાં અન્નપૂર્ણા ન હોત તો? પરામ્બા ભગવતી અન્નપૂર્ણા ન હોત તો શું થાત શંકરજીનું? શંકરજી પણ ભિક્ષુક બનીને આવ્યા છે. નંદબાવાને ઘેર. જ્યાં શ્રીકૃષ્ણ પ્રાગટ્ય થયું છે, પણ માંગ્યું શું?



''અપને લલા કા દર્શન કરા દો મૈયા, મૈ દરશન કો આયા ના ચાહિયે તેરી દોલત દુનિયા ના યે કંચન માયા. મૈયા તોરે દ્વારે બાલા જોગી આયો બાલા જોગી આયો.'' તદ-અનુસાર ઉચિત પોષાક જોઈએ. સૂટ પહેરીને ભીખ ન મંગાય. મુંબઈમાં ટ્રાફિક સિગ્નલ પર લાલ લાઈટ થાય ભીખ માંગનારા આવી જાય, પણ નવાઈ લાગે કે ભિખારી ને એનો આવો હુલિયો! ભિખારી, ભિખારી જેવો તો લાગવો જોઈએ ને? એના અવાજમાં દીનતા હોય. ઘેર ઘેર ખાવાનું માંગનારનો અવાજ જોજો. દીનતા હોય. કહેતો હોય કે- એ, કાંઈ આલજો બાપા. એના અવાજમાં પીડા હોય, દર્દ હોય, હમણાં જ જમીને આવ્યો હોય પણ પેટ પર હાથ પસવારીને કહે- ભૂખ લાગી છે બેન, રોટી જોઈએ, કંઈ ખાવાનું આલજો મા-કાં તો કોઈએ શીખવ્યું હોય કાં સાંભળી ને શીખ્યો હોય. તો આપણે પ્રાર્થના તો કરીએ છીએ પણ સ્વરમાં અપેક્ષિત દીનતાનો અભાવ છે. ભક્તિ પરંપરામાં તો દીનતાને જ ભક્તિ મહારાણીનું સિંહાસન બતાવાયું છે. તો દૈન્યં, દીનતા ભગવાન શંકર દીનતાનું દાન કરશે. કેમ કે એ અહંકારના દેવ છે. ''અહંકાર શિવ બુદ્ધિ અજ (બ્રહ્મા) મન શશી ચિત્ત મહાન.'' અહંકારના દેવ ભગવાન શંકર છે. રામચરિત માનસનો પ્રસંગ છે. ''હિમગિરિ ગુહા એક અતિ પાવની.'' એનું સુંદર વાતાવરણ જોઈ દેવર્ષિ નારદ પ્રસન્ન થયા.

**(પૂ. રમેશભાઈ ઓઝાના સત્સંગને આધારે)**